# ડાંગર સંશોધન કેન્દ્ર, ડભોઇ દ્વારા એક દિવસીય તાલીમ યોજવામાં આવી

ડાંગર સંશોધન કેન્દ્ર, મોડલ ફાર્મ- ડભોઇ ખાતે કાર્યરત સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત તા: ૨૯/૦૭/૨૦૨૨ના શુક્રવારના રોજ ભુરિયાકુવા ગામ ખાતે “ડાંગર ની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ” વિષય પર એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુરિયાકુવા ગામના ૧૭ જેટલા ખેડૂતમિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

યુનિટ વડા, શ્રી એ. જી. પંપાણીયા સાહેબે કેન્દ્ર ખાતેની કામગીરીનો પરીચય આપ્યો હતો. તાજેતરમાં પ્રસિધ્ધ થયેલ ડાંગરની નવી જાત જી. આર. ૨૧ (વાત્રક) અને જી.એ.આર. ૨૨ (સ્વાગત) વિશે વિસ્તૃત માહિતી આપી હતી. સાહેબશ્રી એ જણાવ્યું કે કેન્દ્ર ખાતેથી બિયારણનું વેચાણ ઓન લાઇન નોંધણી બાદ થતું હોવાથી આગામી વર્ષમાં સમયસર નોંધણી કરી પ્રમાણિત બીજ મેળવી લેવું જેથી કોઇ ખેડૂતભાઇ બિયારણથી વંચિત ના રહી જાય.

સિનીયર રિસર્ચ ફેલો, ડૉ. વિપુલભાઇ પટેલ સાહેબે ડાંગરની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી વિશે ખેડૂતમિત્રોને માહિતગાર કર્યા હતા. વધુમાં ડાંગર પાકમાં સંકલિત પોષણ વ્યવસ્થાપનમાં જૈવિક ખાતરની અગત્યતા વિશે સમજ આપી હતી.

ખેડૂતભાઇએ ઉગાડેલ ડાંગરના ધરૂવાડિયાની મુલાકાત લીધી અને ડાંગરની ખેતી પધ્ધતી વિશે જરૂરી માર્ગદર્શન મળી રહે તેથી ફોલ્ડરનું વિતરણ કર્યુ હતું.







